ચીનનો સ્ટોક અને બન્કર ફ્યુઅલના ભાવ વધારાથી ઔદ્યોગિક કોલસોના ભાવ પર અસર

ઈન્ડોનેશિયાના નિયમોથી કોલસો મોંઘો

ચેમ્બર દ્વારા 'સુરતની આગામી આર્થિક ઉડાનને વેગ-ફ્યુઅલ ટુ ફેબ્રિક' પર પેનલ ડિસ્કશન યોજાયું

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સરસાણા સ્થિત 'સંહતિ' ખાતે 'સુરતની આગામી આર્થિક ઉડાનને વેગ-ફ્યુઅલ ટુ ફેબ્રિક' વિષય પર એક ઉચ્ચસ્તરીય પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ટેક્સટાઈલ, એનર્જી અને કેમિકલ ક્ષેત્રના અગ્રણીઓએ ઉદ્યોગ સામેના પડકારો અને ભાવિ દિશા અંગે ગહન મંથન કર્યું હતું.

કોલસાના ભાવવધારાનાં કારણો અને વપરાશ અંગે રાકેશ શાહે જણાવ્યું હતું કે, હાલમાં કોલસાના ભાવમાં ઉછાળો આવવા પાછળ વૈશ્વિક પરિબળો જવાબદાર છે. ઈન્ડોનેશિયાના નવા નિયમોને કારણે નિકાસમાં ઘટાડો થયો છે, શિયાળાની સિઝનને ધ્યાનમાં રાખીને ચીન દ્વારા મોટા પાયે સ્ટોક થઈ રહ્યો છે અને સ્ટીમરમાં વપરાતા ફ્યુઅલ બન્કરના ભાવ વધતાં શિપિંગ ખર્ચ પણ વધ્યો છે. સુરતમાં વાર્ષિક આશરે 11 મિલિયન ટન કોલસાની આયાત થાય છે, જેમાંથી લગભગ 60% કોલસો દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોમાં વપરાય છે.

પ્રશાંત પટેલે ક્વોલિટી પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, સસ્તા રો-મટિરિયલના ઉપયોગથી આખરી પ્રોડક્ટની ગુણવત્તા જોખમાય છે. ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "સુરતનો ઈતિહાસ સાક્ષી છે કે આ શહેર ક્યારેય મુશ્કેલીઓ કે વૈશ્વિક મંદી સામે ઝૂક્યું નથી. પ્રતિકૂળ સંજોગો વચ્ચે પણ માર્ગ કાઢીને દરેક પડકારને નવી ઔદ્યોગિક તકમાં ફેરવવી એ સુરતના ઉદ્યોગકારોની સાચી ખુમારી છે. માર્કેટમાં ઓવર પ્રોડક્શનને લીધે ટ્રેડિંગમાં મુશ્કેલી ઊભી થાય છે. 100થી 180 દિવસ જેટલા લાંબા પેમેન્ટ ટર્મ્સના કારણે ટ્રેડિંગ સાઈકલ ખોરવાઈ જાય છે અને વર્કિંગ કેપિટલ બ્લોક થાય છે.

આ કારણસર ચીન કોલસાનો સ્ટોક કરી રહ્યું છે

૨૦૨૦ અને ૨૦૨૨માં વીજળીની ભારે અછત અને બ્લેકઆઉટનો સામનો કર્યા પછી, ચીન કોઈ પણ સંજોગોમાં દેશની ગ્રીડને નિષ્ફળ થવા દેવા માંગતું નથી. ચીન પવન અને સૂર્ય ઉર્જા (Solar & Wind) નો ઉપયોગ ખૂબ ઝડપથી વધારી રહ્યું છે. પરંતુ પવન કે તડકો ન હોય ત્યારે વીજળીનું ઉત્પાદન જાળવી રાખવા માટે કોલસાને ઈમરજન્સી બેકઅપ તરીકે અનામત રાખવામાં આવે છે. વૈશ્વિક અસ્થિરતા, યુદ્ધો અને દરિયાઈ વેપાર માર્ગો (જેમ કે મલક્કાની સમુદ્રધૂની) પર સંભવિત નાકાબંધીના જોખમને ધ્યાનમાં રાખીને ચીન તેલ અને ગેસ પરની તેની નિર્ભરતા ઘટાડવા પોતાના સ્થાનિક કોલસાનો સંગ્રહ કરે છે.

ઇન્ડોનેશિયામાં કોલસાની નિકાસ માટેના નવા નિયમ

(1) ખાનગી માઇનિંગ કંપનીઓ કે ટ્રેડર્સ સીધી નિકાસ કરી શકશે નહીં.
(2) કોલસાની નિકાસ સરકારી કંપની PT DSI દ્વારા જ થશે.
(3) 31 ડિસેમ્બર સુધી ખાનગી કંપનીએ નિકાસના ડેટાનો રિપોર્ટ કરવો પડશે.
(4) 1 જાન્યુઆરી 2027થી કોલસા નિકાસ સરકારી કંપનીદ્વારા જ નિયંત્રિત અને સંચાલિત થશે.
(5) દેશની જરૂરિયાત પૂરી થયા પછી જ નિકાસની મંજૂરી આપવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે.
(6) નિકાસમાંથી મળતી આવક (DHE SDA) સરકારી બેંકોમાં જમા કરાવવી પડશે.
(7) કોલસાની નિકાસ પર 1% થી 5% સુધીની નિકાસ ડ્યૂટી (Tax) લાગુ કરવાની જોગવાઈ

રાંદેર અકસ્માતમાં 'વહીવટદારો'ની મહેરબાનીથી કડક કલમો ગાયબ!

સામાન્ય કલમો લગાવી 'મીનુ' અને ફૂંકરાનને બચાવવાનો સીધો કારસો?

સુરતઃ રાંદેર બેજનવાલા કોમ્પ્લેક્સની સામે, BRTS રૂટ નજીક ગત તા.૧૫/૯/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે ૧૧થી ૧૧:૩૦ વાગ્યાના સુમારે થયેલા અક સ્માતમાં બોમ્બે કોલોની, નવયુગ કોલેજ સામે, રાંદેર ખાતે રહેતા અને ડિલિવરી બોય તરીકે કામ કરતા ફરિયાદી સાહેલ સરી ઝુભાઈ શેખ (ઉં.વ.૨૩) નીફરિયાદ અનુસાર તેમનો ભાઈ સલમાન તથા તેમની ફોઈનો દીકરો શકીલ શબ્બીર શેખ (ઉં.વ.૨૦) (રહે.,અમરોલી) ત્યાં હાજર હતા, તે દરમિયાન સફેદ રંગની સ્વિફ્ટ કાર નં.(GJ-16-FA-5777) ના ચાલકે અતિ પૂરઝડપે આવી બંને ને જોરદાર ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. બાદ સારવાર દરમિયાન યુવકે દમ તોડી દીધો હતો. કલમ ૧૦૫ લાગુ થવા પાત્ર છતાં સામાન્ય કલમો કેમ? કાયદાના નિષ્ણાતો અને સ્થાનિકોના જણાવ્યા મુજબ આ કેસમાં સીધી BNS કલમ ૧૦૫ બનતી હોવા છતાં પોલીસે તેને નજરઅંદાજ કરી છે.

પોલીસની 'મહેરબાની' કે બેદરકારી? નરાધમ સામે BNS 105 દાખલ કરવામાં પોલીસનો ખચકાટ કેમ?

BRTS જેવા પ્રતિબંધિત ટ્રેક પર બેફામ સ્પીડે ગાડી ચલાવતી વખતે ડ્રાઇવરને પૂરો ખ્યાલ હોય છે કે આ કૃત્ય કોઈનો જીવ લઈ શકે છે. ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 105 (અગાઉની IPC 304 ભાગ-2 - સાપરાધ મનુષ્યવધ) મુજબ આ ગુનામાં 10 વર્ષ કે આજીવન કેદની સજાની જોગવાઈ છે. છતાં, પોલીસે માત્ર BNS 281, 125(A/B) અને MV એક્ટની મામૂલી કલમો લગાવીને આરોપીને છાવરવાનો પ્રયાસ કર્યો છે.

ડી-સ્ટાફના 'વહીવટદારો' ફરી બેફામ

ભૂતકાળમાં જે ડી-સ્ટાફના ભ્રષ્ટાચારી કર્મચારીઓએ આખા રાંદેર પોલીસ મથકની કામગીરી પર ગેરકાયદે રીતે કબજો જમાવી રાખ્યો હતો, તે જ કાળો કારોબાર ફરી એકવાર શરૂ થતાં ચકચાર મચી છે. પીઆઇ સોનારા અને ચૌધરી જેવા અધિકારીઓની વિદાય બાદ, વર્તમાન નબળા પોલીસ અધિકારીની નિષ્ક્રિયતા અને ઢીલી નીતિનો સીધો લાભ ઉઠાવીને ડી-સ્ટાફના ભ્રષ્ટ કર્મચારીઓએ ફરી આખો વહીવટ પોતાના હાથમાં લઈ લીધો છે.

ભેસ્તાન ચોકડી પાસે ચાલુ કારમાં અચાનક આગ લાગી



- ભેસ્તાન ચોકડી પાસે ગુરૂવારે સાંજે આશરે 4:41 કલાકે એક કારમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી હતી. ભેસ્તાન તરફથી આવી રહેલી ગાડીમાં અચાનક ધુમાડા નીકળવાનું શરૂ થતાં જ કાર સળગી ઉઠી હતી. બનાવને પગલે રસ્તા પરથી પસાર થતા અન્ય વાહનચાલકો અને રાહદારીઓમાં ઘડીભર માટે ભારે દોડધામ મચી ગઈ હતી. બનાવની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ હતી. સદનસીબે કારમાં સવાર લોકો સમયસર બહાર નીકળી જતાં મોટી જાનહાનિ ટળી હતી. ઘટના અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ભેસ્તાન ફાયર સ્ટેશનથી ગાડી સ્થળ પર રવાના થઈ હતી. ફાયર ફાઈટરોએ સ્થળ પર પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

રોટરી ક્લબ ઓફ ઉધના દ્વારા સ્ટેમ સેલ ડોનર રજિસ્ટ્રેશન અભિયાન

સુરતઃ રોટરી ક્લબ ઓફ ઉધના દ્વારા DATRIના સહયોગથી તા. 17 સપ્ટેમ્બર, 2026ના રોજ MS-IDPT, SCET College, Surat ખાતે 'જીવન સેતુ - સ્ટેમ સેલ અવેરનેસ એન્ડ રજિસ્ટ્રેશન ડ્રાઇવ'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 111 વિદ્યાર્થીઓએ સંભવિત સ્ટેમ સેલ ડોનર તરીકે નોંધણી કરાવી હતી. આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ ગવર્નર રો. નિલેશ શાહ, ફર્સ્ટ લેડી શ્રુતિ શાહ તથા આસિસ્ટન્ટ ગવર્નર રો. અશોક સિંઘલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જીવન સેતુ પ્રોજેક્ટના ડિસ્ટ્રિક્ટ ચેર ડો. રામીના માર્ગદર્શન અને સંકલન હેઠળ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. રોટરી ક્લબ ઓફ ઉધનાએ ફર્સ્ટ પ્રોવોસ્ટ (Ex.) પ્રો. પર્સી એન્જિનિયરનો સતત પ્રોત્સાહન અને સહકાર બદલ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. સાથે પ્રો. શિવાની અને પ્રો. સદ્ગુપાનો પણ તેમના સહયોગ બદલ આભાર માનવામાં આવ્યો હતો. રોટરી ક્લબ ઓફ ઉધનાના પ્રમુખ રો. મહારુખ ચિચગરે યુવાનોને સ્ટેમ સેલ ડોનેશનનું મહત્ત્વ સમજાવ્યું હતું. સભ્યો તથા ઇવેન્ટ ચેર રો. દિપેશ શાહે પણ કાર્યક્રમને સફળ બનાવવામાં સક્રિય સહયોગ આપ્યો હતો.

ચોર્યાસી ડેરીની ૮૮મી વાર્ષિક સાધારણ સભામાં એજન્ડા પરનાં તમામ કામો મંજૂર

કડોદઃ ચોર્યાસી ડેરી તરીકે જાણીતી ચોર્યાસી તાલુકા દૂધ વેચાણ કરનારી સહકારી મંડળીની ૮૮મી વાર્ષિક સાધારણ સભા સીંગાપુરી વાડી-રૂસ્તમપુરા ખાતે સંસ્થાના પ્રમુખ નરેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી, જેમાં એજન્ડા પરનાં તમામ કામોને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં. સભાના અધ્યક્ષ સ્થાનેથી પ્રમુખ નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે શહેરીકરણ, ઓદ્યોગીકરણ અને જમીનના ઊંચા ભાવને કારણે પશુપાલનનો વ્યવસાય ખૂબ જ કઠિન બન્યો છે ત્યારે ડેરી સાથે સંકળાયેલા પશુપાલકોને અભિનંદન પાઠવું છું. સભાના પ્રારંભે મેનેજર મનોજ મોદીએ ગત સભાની કાર્યવાહીનું વાંચન કર્યું હતું. એજન્ડા પરનાં તમામ કામોને એકપણ પ્રશ્ન પૂછ્યા વિના સભાસદોએ સર્વાનુમતે મંજૂર કર્યા હતા. અંતમાં સંસ્થાના ઉપપ્રમુખ બળવંતસિંહ સોલંકીએ આભાર માન્યો હતો.

ગોવર્ધનનાથજી હવેલી ખાતે નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે વિશેષ આયોજન

સુરતઃ ડુમસ રોડ સ્થિત શ્રી ગોવર્ધનનાથજી ની હવેલી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હવેલી પરિસરમાં આકર્ષક પુષ્પ રંગોળી તૈયાર કરી દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. પુષ્પ રંગોળી અને દીપ પ્રાગટ્ય દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિનની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. હવેલી ખાતે ઉપસ્થિત ભક્તો અને કાર્યકરોએ વડાપ્રધાનના દીર્ઘાયુ અને સુખાકારી માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. સમગ્ર આયોજન દરમિયાન ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું.

કુરુક્ષેત્ર સ્મશાનભૂમિ ટ્રસ્ટની ૫૪મી વાર્ષિક સભા યોજાઈ

સુરત : કુરુક્ષેત્ર સ્મશાનભૂમિ ટ્રસ્ટની ૫૪ મી વાર્ષિક સામાન્ય સભા તથા ખાસ સાધારણ સભા મોટા સૂર્યોદયઘાટ ખાતે યોજાઈ હતી. સમાજસેવક ભરતભાઈ શાહ 'છાંયડો'ના અધ્યક્ષસ્થાને મળેલી સભામાં તેમણે ટ્રસ્ટની કામગીરીની નોંધ લઈ જણાવ્યું હતું કે, મૃત્યુ નિશ્ચિત છે, પરંતુ વ્યક્તિના સત્કર્મો તેના જીવનને યાદગાર બનાવે છે. તેમણે ટ્રસ્ટને જરૂરી પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા ઝડપી બનાવવા પણ સૂચન કર્યું હતું.નાટ્યકાર કપિલદેવ શુક્લે મૃત્યુ પૂર્વે અને ત્યારબાદની પરિસ્થિતિ અંગે ચિંતન રજૂ કર્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ કમલેશભાઈ સેલરે સ્વાગત પ્રવચન સાથે સંસ્થાની કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો. રાંદેર પીપલ્સ બેંકના ડિરેક્ટર રાકેશભાઈ પટેલ દ્વારા વંદે માતરમના ગાન સાથે સભાની શરૂઆત થઈ હતી. ખાસ સાધારણ સભામાં વકીલોની કમિટી દ્વારા સૂચવાયેલા ટ્રસ્ટના બંધારણીય સુધારાઓ સભાસદો સમક્ષ રજૂ કરાયા હતા, જેને મંજૂરી આપવામાં આવી હતી.

દિપલી ગામ હાઈવે પર પુત્રની નજર સામે જ અકસ્માતમાં પિતાનું મોત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના રાયગઢના વતની 51 વર્ષીય સુનિલભાઈ ગોવિંદભાઈ મોરે હાલમાં ઉધનામાં આવેલ પટેલ નગર હગડેવાર વસાહતમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતાં. તે સચિન જીઆઈડીસી ખાતે ડાયમંડ બુસ ખાતે હીરા કારખાનામાં નોકરી કરતા હતાં. બુધવારે રાત્રે સુનિલભાઈ નોકરી પૂરી કરીને ઘરે જવા નીકળ્યા હતા. દરમિયાન તેમનો મોટો પુત્ર હર્ષલ તેમને લેવા માટે આવ્યો હતો. તે સમયે દીપલી ગામ પાસેના હાઈવે રોડ ક્રોસ કરીને સામે ઉભેલા પુત્ર હર્ષલ પાસે જતા હતા ત્યારે બાઈકચાલકે તેમને અડફેટે લેતાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી. હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે સચિન જીઆઈડીસી પોલીસે તપાસ હાથ ધરી છે.

૨.૩૮ કરોડનું પ્રીમિયમ ભરાવ્યા બાદ ૧૦૦ કરોડની જમીન બારોબાર વેચી દીધી

કોસાડમાં ૩૫ વર્ષ જૂના જમીનના સોદામાં વેચાણ કરાર અને પાવર ઓફ એટર્ની હોવા છતાં અન્ય શખ્સને સાટાખત કરી આપી કાવતરું રચ્યું

પોલીસે જમીન વેચનાર પિતા-પુત્ર સામે વિશ્વાસઘાતનો ગુનો નોંધ્યો

સુરતઃ અમરોલી-કોસાડ વિસ્તારમાં કરોડો રૂપિયાની કીમતી ખેતીની જમીનનો સોદો કરી, સરકારમાં કરોડો રૂપિયાનું પ્રીમિયમ ભરાવ્યા બાદ બારોબાર બીજા ઈસમને સાટાખત કરી આપી વિશ્વાસઘાત આચરવાનો કિસ્સો સામે આવ્યો છે.

અમરોલીના કોસાડ ખાતે પંચાયત ઓફિસ પાસે રહેતા અને ખેતી તેમજ જમીન લે-વેચનો ધંધો કરતા યોગેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા (ઉં.વ.૫૯)એ નોંધાવેલી ફરિયાદ મુજબ આશરે ૩૫ વર્ષ પહેલાં તેમના પિતા ચંદ્રસિંહે ગામના જ જેરામભાઈ ભવાનભાઈ આહીર પાસેથી કોસાડ સ્થિત બ્લોક નં-૫૪૪ પૈકી ૧, ૫૪૪ પૈકી ૨ અને ૫૫૭ વાળી ખેતીની જમીન પૂરા અવેજથી ખરીદી હતી.

જે-તે સમયે પરિવાર જેવા સંબંધો હોવાથી દસ્તાવેજ કરાવાયો નહોતો. જેરામભાઈના અવસાન બાદ તેમના પુત્ર જયંતીભાઈ આહીર અને પૌત્ર ધર્મેશ આહીરે આ સોદો કબૂલ રાખી દસ્તાવેજ કરી આપવાની ખાતરી આપી હતી. જમીન પોતાના નામે કરવા માટે સરકારી પ્રીમિયમ ભરવાનું હોવાથી ફરિયાદી યોગેન્દ્રસિંહે કલેક્ટર કચેરીની મંજૂરી મેળવી મામલતદાર કચેરી મારફતે કુલ રૂ.૨,૩૮,૮૮,૪૮૦નું સરકારી પ્રીમિયમ ચલણથી જમા કરાવ્યું હતું. પ્રીમિયમ ભરાઈ ગયા બાદ યોગેન્દ્રસિંહે આખરી વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવ્યું ત્યારે પિતા-પુત્રએ ધમકી આપી હતી કે, આ જમીન અમારી છે, હવે પછી આવવું નહીં.

ગભરાયેલા ફરિયાદીએ તપાસ કરતાં માલૂમ પડ્યું હતું કે, આરોપીઓએ જમીન જીતેન્દ્રભાઈ કરશનભાઈ સેંધાણી નામના શખ્સને ગેરકાયદે રીતે વેચાણ કરી તેની પાસેથી પણ મોટી રકમ મેળવી સાટાખત કરી આપ્યો હતો. આ મામલે અમરોલી પોલીસે પિતા-પુત્ર સામે ગુનાહિત કાવતરું અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગૌરવ પથ રોડ પર ટેમ્પોચાલક પર કાર ચડી જતાં મોત

મરઘાંની ડિલિવરી કરવા જતાં સમયે કારની ટક્કરે જમીન પર પટકાયો ને મોત ભરખી ગયું

સુરતઃ મૂળ આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકાના વતની દિપક રાજુભાઈ (ઉં.વ.30) હાલમાં જહાંગીરપુરા કેનાલ રોડ ખાતે આવેલા મરઘાં કેન્દ્રમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને ત્યાં જ કામ ડ્રાઈવર તરીકે કામ કરતા હતા. દિપક બુધવારે સાંજે થ્રી-વ્હીલ ટેમ્પો લઈને મરઘાંની ડિલિવરી માટે નીકળ્યા હતા. તેઓ પાલના ગૌરવ પથ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે પાલનપુર ફાયર સ્ટેશનની સામે પૂરઝડપે આવેલી કારના ચાલકે ટેમ્પોને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, દિપક ટેમ્પોમાંથી બહાર પટકાઈ ગયા હતા. દરમિયાન કાર તેમના ઉપર ચડી જતાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા, ફરજ પરના તબીબોએ તપાસ બાદ મૃત જાહેર કર્યા હતા. ઘટના અંગે પાલ પોલીસે તપાસ હાથ ધરી છે.

સારોલીની સાલાસર માર્કેટની ફાયર વિભાગે NOC રદ કરી

ગેરકાયદે માળિયાના કારણે આગ વિકરાળ બની હતી

સુરતઃ સારોલીની સાલાસર ટેક્સટાઈલ માર્કેટના પાંચમા માળે અચાનક ભીષણ આગ ભડકી ઊઠી હતી, જેણે માર્કેટની ફાયર સેફ્ટી વ્યવસ્થાની પોલ ખોલી નાંખી છે. આ દુર્ઘટનામાં ચાર દુકાન સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. દુકાનોમાં ખડકાયેલા ગેરકાયદે માળિયા અને તેના પર ભરેલો કાપડનો વિપુલ જથ્થો આગમાં બળતણ સાબિત થયો હતો. માળિયાના કારણે આગ ઝડપથી ફેલાઈ હતી અને ફાયર જવાનો માટે અંદર પહોંચવું અત્યંત મુશ્કેલ બનતાં આખરે શટર કાપીને પાણીનો મારો ચલાવવાની ફરજ પડી હતી. માર્કેટમાં ફાયર સેફ્ટીની સુવિધાનો અભાવ હોવાથી ફાયર વિભાગે માર્કેટની ફાયર એનઓસી રદ કરી દીધી હોવાનું જાણવામાં આવ્યું છે.

આ દુર્ઘટના બાદ થયેલી તપાસમાં ફાયર વિભાગને માર્કેટની સેફ્ટી સિસ્ટમમાં ભારે ક્ષતિઓ નજરે પડી હતી. તપાસ દરમિયાન કેવળ કેટલાંક જ સાધનો કાર્યરત મળ્યાં હતાં, જ્યારે મોટા ભાગનાં સાધનો કાટ ખાઈ ગયેલી હાલતમાં બિનઉપયોગી માલૂમ પડ્યાં હતાં. માર્કેટમાં જરૂરિયાત મુજબની પૂરતી ફાયર સેફ્ટી સુવિધાનો ભારે અભાવ જણાતાં ફાયર વિભાગે તાત્કાલિક અસરથી સાલાસર ટેક્સટાઈલ માર્કેટની ફાયર NOC રદ કરી દીધી છે. આ સમગ્ર મામલે સુરત ફાયર બ્રિગેડ દ્વારા ગાંધીનગર સ્થિત ડિપાર્ટમેન્ટ હેડને ઈ-મેલ મારફતે લેખિત રિપોર્ટ પણ સોંપવામાં આવ્યો છે. આ ભયાનક બનાવથી ટેક્સટાઈલ માર્કેટ્સમાં ગેરકાયદે સંગ્રહ, માળિયા અને સેફ્ટી સાધનોની જાળવણી સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે.

પિતરાઈ ભાઈના વિરહમાં યુવતીએ ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું

મહિના પૂર્વે બીમારીથી પિતરાઈ ભાઈના મોતથી આઘાતમાં સરી પડી હતી

સુરતઃ વરાછા વિસ્તારમાં એક મહિના પૂર્વે પિતરાઈ ભાઈના અવસાનથી આઘાતમાં સરી પડેલી 22 વર્ષીય યુવતીએ ઝેરી દવા પી લેતાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. યુવતી અવારનવાર 'મારે પણ ભાઈ પાસે જવું છે' તેમ રટણ કરતી હોવાનું પરિવારે જણાવ્યું હતું. યુવતીના મોતને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ ભાવનગરના મહુવાના મોટાજાદરા ગામના વતની અને હાલ વરાછા સીતાનગર ચોકડી નજીક ઈશ્વરનગર સોસાયટીમાં રહેતી 22 વર્ષીય જાગૃતિ મગન નાગોથા પરિવાર સાથે રહેતી હતી અને ઘરબેઠા સિલાઈ કામ કરતી હતી. તેના પિતા નિવૃત્ત જીવન વ્યતીત કરે છે. ગત તા.13 સપ્ટેમ્બરના રોજ બપોરના સમયે જાગૃતિએ ઘરે ઝેરી દવા પી લીધી હતી. ત્યારબાદ પરિવારજનોને જાણ થતાં તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે, સારવાર દરમિયાન ગઈકાલે સાંજે તેનું મોત નીપજ્યું હતું.

પરિવારજનોના જણાવ્યા મુજબ જાગૃતિના પિતરાઈ ભાઈનું આશરે એક મહિના અગાઉ બીમારીના કારણે અવસાન થયું હતું. ભાઈના મૃત્યુથી જાગૃતિ ભારે આઘાતમાં સરી પડી હતી અને તેના વિરહમાં વારંવાર 'મારે પણ ભાઈ પાસે જવું છે' તેમ કહેતી હતી. આખરે તેણે ઝેરી દવા પી જીવન ટુંકાવી લીધું હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. આ બનાવ અંગે વરાછા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.